



સાબરકાંઠા જીલ્લામાં આજે ભારત બંધનો મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો જીલ્લામાં કુલ ૧૮૨ જણાની અટકાયત કરાઈ હતી. જેમાં હિમતનગર એ-ડીવીઝનમાં ૯, બી-ડીવીઝનમાં ૨૯ કોંગ્રેસ અને ૧૫ સીપીએમ, ઈડર ૨૬, પ્રાંતિજ-૩૦, તલોદ ૩૦, ખેડબ્રહ્મા ૧૬, વિજયનગર ૧૧ અને વડાલીમાં ૧૬ જણાની અટકાયત કરાઈ હતી. હિમતનગરમાં સવારે કોંગ્રેસ ધ્વારા બંધ કરાવવામાં આવ્યું હતું બપોર બાદ બજાર ખુલી ગયું હતું તો બીજી તરફ એસટી ધ્વારા હિમતનગર-અમદાવાદ-અંબાજી-મહેસાણા અને શામળાજી માર્ગ ચાલુ રખાયા હતા જયારે જીલ્લાના આંતરીયાળ એસટી રૂટો બંધ કરાયા હતા તો શૈક્ષણિક કાર્ય બંધ રહ્યું હતું તો સ્ટાફ સ્કુલમાં હાજર રહ્યો હતો તો વ્યવહાર રાબેતા મુજબ રહ્યો હતો તો ગામડાની શહેરમાં આવનારી પબ્લિકમાં ઘટાડો જોવા મળ્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં ભારત બંધને મિશ્ર પ્રતિસાદ

## મોડાસામાં ૧૨ વાગ્યા પછી ધંધા-રોજગાર રાબેતા મુજબ : ભિલોડા, શામળાજી પંથકમાં સજ્જડ બંધ : બાયડમાં ધારાસભ્ય પોલીસે વચ્ચે તુતુ-મૈ મૈ ધારાસભ્ય સહીત ૨૫ કાર્યકરોની અટકાયત થતા રામધૂન બોલાવી

મોડાસા, તા. ૧૦

દેશભરમાં સતત વધી રહેલા પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા પર



સરકારને ઘેરવા માટે અને મોંઘવારી નાથવામાં અસફળ રહેલી કેન્દ્ર સરકારની નિષ્ફળતા મુદ્દે કોંગ્રેસે સોમવારે ભારત બંધનું એલાનનું આહવાન કરતા અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા અરવલ્લી જીલ્લામાં બંધ પાળવા વેપારીઓ અને પ્રજાજનોને બંધમાં જોડાવવા અપીલ કરી હતી. બંધની અમલવારી કરાવવા અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિના પદાધિકારીઓ, ત્રણ તાલુકાના ધારાસભ્યો અને કાર્યકરો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતર્યા હતા અને બજારો બંધ કરાવ્યા હતા. વેપારીઓ અને ધંધાર્થીઓ થોડીવાર માટે ધંધા-રોજગાર બંધ રાખી સહયોગ આપ્યા બાદ બપોરે ૧૨ વાગ્યા પછી તમામ દુકાનો અને બજારો ખુલતા બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. જીલ્લામાં ભિલોડા અને શામળાજી પંથકમાં સજ્જડ બંધ રહેતા લોકોને હાલાકી પડી હતી.

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર અને જીલ્લા પ્રમુખ અને કાર્યકરો સહકારીજીન ખાતે એકઠા થઈ બજારો બંધ કરાવવા નીકળતા પોલીસતંત્ર પણ કોંગ્રેસી કાર્યકરો અને વેપારીઓ સાથે ઘર્ષણ ન થાય



તે માટે સતત ખડે પગે ફરજ બજાવી હતી. વેપારીઓએ બંધ કરાવવા નીકળેલ કોંગ્રેસી કાર્યકરોને સમર્થન આપી થોડીવાર ધંધા રોજગાર બંધ રાખ્યા બાદ કાર્યકરો જતા રહેતા બપોરે ૧૨ વાગ્યા બાદ ધંધા-રોજગાર રાબેતા મુજબ ધમધમી ઉઠ્યા હતા.

અરવલ્લી વહેલી સવારથી જ ભિલોડા, શામળાજી અને મેઘરજ પંથકમાં ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારાની આગેવાની હેઠળ રસ્તા રોકો આંદોલન અને રોડ પર ટાયરો સળગાવી વાહનવ્યવહાર અટકાવવામાં આવ્યો હતો અને શૈક્ષણિક સંકુલો અને બજારો બંધ કરાવી એસટી બસ અને વાહનોની હવા કાઢી નાખી હતી. અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે અને રાજ્ય ધોરી માર્ગો પર રસ્તા રોકાતા વાહન વ્યવહાર થંભી જતા પોલીસતંત્ર દ્વારા સમજાવટ કરી રસ્તા ખુલ્લા કરાવ્યા હતા. ધંધા રોજગારના સ્થળો અને શૈક્ષણિક સંકુલો દિવસ બંધ રહેતા બંધ સજ્જડ સફળ રહ્યો હતો.

બાયડ પંથકમાં ધારાસભ્ય ધવલસિંહ ઝાલા અને કોંગ્રેસી આગેવાનો અને કાર્યકરો બજાર બંધ કરાવવા નીકળતા પોલીસતંત્ર અને ધારાસભ્ય વચ્ચે બોલાચાલી થતા બાયડ પોલીસે ધારાસભ્ય અને ૨૫ કાર્યકરોને ડિટેન કરતા પોલીસતંત્રની કામગીરી સામે ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને રામધૂન બોલાવી વિરોધ નોંધાવ્યો હતો. બાયડ, ધનસુરા અને માલપુર પંથકમાં બંધને મિશ્ર અને આંશિક સફળતા મળી હતી.

# ભિલોડા-શામળાજી હાઈ-વે પર ટાયરો સળગાવાયા

## વાહનનોના ટાયરોની હવા કાઢી ટ્રાફીક ચક્કાજામ કરાયો હતો : પેટ્રોલ પંપો પર પેટ્રોલ-ડીઝલનું વેચાણ સદંતર બંધ




ભિલોડા,તા.૧૦

ભારત દેશમાં પેટ્રોલ, ડીઝલના સતત ભાવ વધારો અને મોંઘવારી પ્રશ્નો સંદર્ભે ઓલ ઈન્ડીયા કોંગ્રેસ કમિટી ધ્વારા ભારત બંધના એલાનને સમર્થન અપાયું હતું. ભિલોડામાં બજારો સજ્જડ બંધ રહેતા જનજીવન ખોરવાયું હતું. ભિલોડા એસ.ટી.બસ ડેપોની તમામ રૂટની એસ.ટી.બસો સદંતર બંધ રહેતા રોજીંદા મુસાફરો અટવાયા હતા. શાળા-કોલેજોમાં બંધ રહેવા પામી હતી.

ભિલોડા તાલુકા મથક ખાતે બજારો સજ્જડ બંધ રહ્યા હતા. નાના-મોટા વેપારીઓએ ધંધા-રોજગાર અને દુકાનો સજ્જડ બંધ રાખી હતી. પેટ્રોલ, ડીઝલના ભાવ વધારાના પગલે અને આર્થિક કમરતોડ અસહ્ય મોંઘવારીએ માઝા મુંકી છે.

કોંગ્રેસ ધ્વારા અપાયેલા ભારત બંધના એલાનના પગલે સમર્થન આપવા બજારો સ્વયંભુ સજ્જડ બંધ રહ્યા હતા. વેપારીઓએ વહેલી સવારથી દુકાનો સ્વયંભુ બંધ રાખી હતી. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. અશોકભાઈ પટેલ ધ્વારા બજારો સજ્જડ બંધ હોવાના કારણે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ઠેર-ઠેર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. સતત ટ્રાફીકથી ધમધમતા માર્ગો ભારત બંધના એલાનને પગલે સુમસામ ભાસતા હતા. કરફયું જેવો માહોલ ઠેર-ઠેર જોવા મળ્યો હતો. અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોના પ્રાઈવેટ વાહનચાલકોના સંચાલકોએ વાહનોની હેરાફેરી બંધ રાખતા મુસાફરો રઝળ્યા હતા. બજારો વહેલી સવારથી બજારો સજ્જડ બંધ રહેતાં જનજીવન ખોરવાયું હતું.

# મોંઘવારીના વિરોધમાં ધાનેરા સજ્જડ બંધ

## રીક્ષાચાલકોએ એક દિવસની હડતાલ રાખી સરકાર સામે વિરોધ નોંધાવ્યો

આજે મોંઘવારીને લઈ સમગ્ર ભારત બંધ છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા માં પણ સજ્જડ બંધ જોવા મળી રહ્યું છે અને લોકો સ્વંયમભુ બંધ રાખી સરકાર સામે વિરોધ નોંધાવ્યો છે તો બીજી તરફ ધાનેરા માં રીક્ષા ચાલકોએ પણ પેટ્રોલ ના ભાવ વધારાને લઈ હડતાલ રાખી હતી અને સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો.

વધતા જતા પેટ્રોલ ડીઝલ તેમજ રાંધણ ગેસ ના ભાવો ને લઈ લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે છતાં પણ સરકાર ના પેટમાંથી પાણી હાલતું નથી પેટ્રોલ ડીઝલ તેમજ રાંધણ ગેસ ના ભાવો માં સતત વડઝારો થઈ રહ્યો છે માટે મોંઘવારીએ મઝા મૂકી છે ત્યારે લોકો ને ખુબજ મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે આજે પેટ્રોલ ડીઝલ તેમજ રાંધણ ગેસ ના ભાવો અને મોંઘવારી ના વિરોધ માં સમગ્ર



ભારત બંધ નું એલાન છે અને ભારત બંધ પણ છે ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં પણ લોકોએ સજ્જડ બંધ રાખી શાળા કોલેજો પણ બંધ કરાવી હતી અને સરકાર સામે વિરોધ નોંધાવ્યો છે વહેલી સવાર થી ધાનેરા ના ધારાસભ્ય નાથાભાઈ પટેલ અને પાલિકા પ્રમુખ બળવંતભાઈ બારોટ સહીત મોટી સંખ્યા માં કોંગ્રેસ ના કાર્યકર્તાઓ ભેગા થયા હતા અને વિશાલ રેલી યોજી લોકોને ધંધા રોજગાર બંધ કરવા માટે અપીલ કરી હતી તો બીજી તરફ ધાનેરા રીક્ષા ચાલકોએ પણ પેટ્રોલ ના ભાવ વધારાને લઈ સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો અને બધીજ રીક્ષાઓ એક જગ્યા ઉપર મૂકી હડતાલ રાખી હતી ધાનેરા નગરપાલિકા ના પ્રમુખ બળવંતભાઈ બારોટ ધ્વારા સરકાર નો વિરોધ કરતા જણાવ્યું હતું કે મોંઘવારી ને લઈ લોકો નું જીવવું મુશ્કેલ બની ગયું છે અને લોકો ખુબજ મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે આજે સમગ્ર ધાનેરા ની સાથે ભારત ને બંધ રાખી સરકાર સામે વિરોધ નોંધાવ્યો છે અને જો હજુ પણ સરકાર મોંઘવારી નહિ ઘટાડે તો આવનારા સમય માં એકદિવસ ઘર નો ચૂલો બંધ રાખી સરકાર છાજીયા ફૂટી સરકાર સામે વિરોધ કરશું ધાનેરા માં વેપારીઓએ સ્વેચ્છાએ બંધ રાખી સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો તો બીજી તરફ કોઈ અણબનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો અને કોંગ્રેસ ના અગ્રણીઓએ જણાવ્યું હતું કે હવે સરકાર ભાવ વધારો પાછા નહિ ખેંચે તો આવનારા સમય માં આના કરતા પણ વધુ આંદોલન કરશું.



કોંગ્રેસ દ્વારા અપાયેલા ભારત બંધના એલાનમાં મહેસાણા શહેરના રાજમહેલ રોડ, બી.કે. રોડ, મોઢેરા ચોકડી, રાધનપુર ચોકડીના બજારો બંધ રહ્યા હતા.




# મહેસાણા જિલ્લામાં સજ્જડ બંધ

પેટ્રોલ ડીઝલના વધતા જતા ભાવ વધારાના વિરોધમાં કોંગ્રેસ પાર્ટી તરફથી ભારત બંધના અપાયેલ એલાન મુજબ આજે મહેસાણા જિલ્લામાં બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. જિલ્લાના મુખ્ય મથક મહેસાણા શહેર સહિત ઊંઝા, વિજાપુર, વિસનગર, બેચરાજી, કડી, ખેરાલુ, વડનગર, સતલાસણા વગેરે સ્થળોએ બંધની મહત્તમ અસર થઈ હતી. બંધના એલાનને સફળ બનાવવા માટે કોંગ્રેસના ધારાસભ્યો, હોદ્દેદારો, કાર્યકરો માર્ગો પર ઉતરી આવ્યા હતા. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં બંધની અસર જોવા મળી ન હતી. બંધના પગલે વિવિધ બજારો, દુકાનો, ઔદ્યોગિક એકમો, શૈક્ષણિક સંસ્થાઓ વગેરે બંધ રહ્યા હતા. વેપારીમથક ઊંઝા શહેરમાં સંપૂર્ણ બંધ પળાયો હતો. માર્કેટયાર્ડમાં મોટાભાગના વેપારીઓ વેપારી કામકાજથી અળગા રહ્યા હતા. દરમિયાન જિલ્લામાં મોટાભાગે એસટી. બસ વ્યવહાર ચાલુ રહ્યો હતો. હાઈવે પર વાહનોની અવરજવર રાબેતા મુજબની હતી. બંધના એલાનને પગલે જિલ્લાના મુખ્ય મથક મહેસાણા અને તાલુકા મથકો અન્ય નગરોમાં પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.